હરિયાણાના મુખ્યમંત્રી તરીકે ખટ્ટરના શપથ

ચંદીગઢ, તા. ૨૬

આરએસએસના સક્રિય કાર્યકર અને હંમેશા લો પ્રોફાઇલ રહેલા મનોહરલાલ ખટ્ટરે આજે હરિયાણાના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. હરિયાણાના મુખ્યમંત્રી તરીકે તેમની તાજપોશી કરવામાં આવી ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, કેન્દ્રીય પ્રધાનો, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, પીઢ નેતા અડવાણી અને મુરલી મનોહર જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા. મનોહરલાલ ખટ્ટરની સાથે ૧૦ મંત્રીઓએ પણ શપથ લીધા હતા જેમાં છ કેબિનેટ પ્રધાન તરીકે અને ત્રણ રાજ્ય કક્ષાના પ્રધાન તરીકે શપથ લીધા હતા. ખટ્ટરની સાથે જે લોકોએ શપથ લીધા હતા તેમાં કેબિનેટ પ્રધાન તરીકે કવિતા જૈનનો પણ સમાવેશ થાય છે. તમામને રાજ્યપાલે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ૧૮ વર્ષ બાદ હરિયાણામાં કોઇ બિન જાટ નેતાએ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે. હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે સ્પષ્ટ બહુમતિ મેળવી લીધી હતી. શપથવિધિમાં પૂર્વ મુખ્યમંત્રી ભુપેન્દરસિંહ હૂડાને પણ આમંત્રણ અપાયું હતું પરંતુ તેઓ ઉપસ્થિત રહ્યા ન હતા. ૯૦ સભ્યોની વિધાનસભા માટે હાલમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપે એકલા હાથ ૪૭ બેઠકો જીતીને બહુમતિ મેળવી લીધી હતી. ચૂંટણી પહેલા ભાજપે પોતાના મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કર્યા ન હતા. ૬૦ વર્ષીય ખટ્ટર કરનાલમાંથી ચૂંટાઈ આવ્યા હતા. રાજ્યપાલ કપ્તાનસિંહ સોલંકી દ્વારા તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ભાજપ શાસિત રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાતના મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પૂર્વીય દિલ્હી : કોમી હિંસા બાદ હજુ વિસ્ફોટક સ્થિતિ

નવીદિલ્હી, તા.૨૬

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં કોમી હિંસા ભડકી ઉઠ્યાના એક દિવસ બાદ હજુ સ્થિતી વિસ્ફોટક બનેલી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પૂર્વીય દિલ્હીના ત્રિલોકપુરી વિસ્તારમાં હિંસા ભડકી ઉઠી હતી. જેમાં ગોળી વાગતા પાંચ લોકો ઘાયલ થયા હતા. એકંદરે કોમી હિંસામાં ૩પથી વધુ લોકો ઘાયલ થયા છે. સ્થિતી તંગ બની જતા સંચારબંધી લાગુ કરવાની ફરજ પડી હતી. દિવાળીના દિવસે બે જુથ વચ્ચે અથડામણ થઇ હતી. જેથી ચોથા દિવસે પણ તંગ સ્થિતી રહી હતી. આ કોમી હિંસાના સંબંધમાં પોલીસે ૭૦થી વધુ અસમાજિક તત્વોની ધરપકડ કરી છે. હજુ જુદા જુદા વિસ્તારોમાં ઉંડી તપાસ ચાલી રહી છે. પોલીસે સગન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી કાઢી છે. પુર્વીય દિલ્હીના પોલીસના જણાવ્યા મુજબ ૨૪મી ઓક્ટોબરના દિવસે તંગદીલી ઉભી થઇ હતી. એ વેળા બે જુથ સામ સામે આવી ગયા હતા. આ જ રાત્રે ૧૦ લોકોની હિંસા ભડકાવવાના મામલે ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ ૨૫મી ઓક્ટોબરના દિવસે સ્થિતી વધારે ખરાબ થઇ ગઇ હતી. વારંવાર બન્ને જુથ તરફથી સામ સામે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેમાં કેટલાક પોલીસ કર્મચારી પણ ઘાયલ થયા હતા. સમગ્ર વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી હતી. તમામ ટોચના અધિકારીઓ સ્થિતી પર ચાંપતી નજર રાખી રહ્યા છે. પોલીસ દ્વારા ગુપ્ત સ્થળે તપાસ પણ કરવામાં આવી રહી છે.

પીઈ મૂડીરોકાણ આંકડો ૮.૪ અબજ ડોલર થયો

નવીદિલ્હી, તા.૨૬

વર્ષના પ્રથમ નવ મહિનાના ગાળામાં પ્રાઈવેટ ઇક્વિટી મૂડીરોકાણનો આંકડો એક વર્ષ અગાઉ આજગાળામાં ૭.૮ અબજ ડોલરથી વધીને ૮.૪ અબજ ડોલર થઇ ગયો છે. ગ્રાન્ટ થોર્ટોનના નવા અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ સપ્ટેમ્બર ૨૦૧૪માં પુરા થયેલા નવ મહિનાના ગાળા દરમિયાન પીઈ મૂડીરોકાણના આંકડામાં સુધારો થયો છે. વેલ્યુ અને વોલ્યુમની દ્રષ્ટિએ ઉલ્લેખનીય સુધારો થયો છે. દેશમાં મૂડીરોકાણનું ચિત્ર વધારે ગુલાબી બની રહ્યું છે. વર્ષ ૨૦૧૪માં હજુ સુધી પીઈ મૂડીરોકાણનો આંકડો ૮.૪ અબજ ડોલર થઇ ગયો છે જે ૨૦૧૩માં ૭.૮ અબજ ડોલર હતો. ટેકનોલોજી સેક્ટરમાં ઉલ્લેખનીય તેજીના પરિણામ સ્વરુપે ૨૦૧૩ની સરખામણીમાં ૨૦૧૪માં વોલ્યુમમાં ૩૮ ટકાનો ઉછાળો નોંધાયો છે. વેલ્યુએશનમાં હજુ પણ તીવ્ર વધારો થાય તેવા સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે. ઇ કોમર્સની બોલબાલા વધી રહી છે તેનું માર્કેટ કદ રેકોર્ડ ગતિએ વધી રહ્યું છે જેથી સ્થિતિમાં સુધારો થયો છે.

મહારાષ્ટ્ર : ૩૦મી સુધી સરકાર રચાય તેવી શક્યતા

નવીદિલ્હી,તા. ૨૬

મહારાષ્ટ્રમાં નવી સરકારની રચનાને લઈને ભારે સસ્પેન્સની સ્થિતી હજુ પણ બનેલી છે. વાતચીતનો સિલસિલો જારી છે પરંતુ ચિત્ર સ્પષ્ટ થયું નથી. નવી સરકાર ૨૯મી અથવા તો ૩૦મી ઓક્ટોબર સુધી રચાઇ જાય તેવી શક્યતા દેખાઇ રહી છે. પક્ષના સુત્રોએ કહ્યું છે કે મહારાષ્ટ્રમાં સરકારની રચના કરવા સાથે સંબંધિત તમામ બાબતો ઝડપથી આગળ વધી રહી છે. સરકારની રચના માટે વાતચીતનો સિલસિલો જારી છે. મહારાષ્ટ્રમા મુખ્યપ્રધાનપદ માટે હજુ પણ દેવેન્દ્ર ફડનવીસ હોટફેવરીટ બનેલા છે. જો કે નિતિન ગડકરી પણ મેદાનમાં હોવાનુ જાણવા મળી રહ્યું છે. કેન્દ્રિય પ્રધાન રાજનાથસિંહ આવતીકાલે સોમવારે મુંબઇ પહોંચે તેવી શક્યતા છે. વિધાનસભા પક્ષના નેતાની ચૂંટણી માટે ભાજપના કેન્દ્રિય નિરીક્ષક તરીકે તેઓ મુંબઇ જઇ રહ્યા છે. તેમની સાથે ભાજપના વરિષ્ઠ નેતા જેપી નડ્ડા પણ રહેશે. હાલમાં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમા ભાજપે ૨૮૮ સભ્યોના ગૃહમાં સૌથી વધુ ૧૨૨ બેઠકો જીતી લીધી હતી. ૪૧- સભ્યોના એનસીપી તરફથી બહારથી ભાજપ સરકારને ટેકો આપવાની વાત કરવામાં આવી ચુકી છે. ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી. તેના ૬૩ ધારાસભ્યોની સાથે શિવ સેના હ્રહમાં બીજી સૌથી મોટી પાર્ટી તરીકે રહી છે. દરમિયાન ભાજપના ચૂંટણી પહેલાના સાથી પક્ષ રાષ્ટ્રીય સમાજ પક્ષના નેતા મહાદેવ જાનકરે કહ્યું છે કે એનસીપી સાથે કોઇ જોડાણ કરવામાં આવે તેમ અમે ઇચ્છતા નથી. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ અને એનસીપી વગર સરકારની રચના કરવામાં આવે તે જરૂરી છે. કારણ કે આ બે પાર્ટી સામે અમે મેદાનમાં ઉતર્યા હતા. તેમની પાર્ટી પણ નવી સરકારમાં પ્રતિનિધીત્વ ઇચ્છે છે. મહારાષ્ટ્રમાં ભાજપ તરફથી મુખ્યપ્રધાન કોણ બનશે તેને લઇને ભારે ચર્ચા છે. જો કે દેવેન્દ્ર ફડનવીસનુ નામ સૌથી આગળ રહ્યું છે. તેમની હાલમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે. તેઓ મોદી અને અમિત શાહના વિશ્વાસુ હોવાનુ પણ જાણવા મળી રહ્યું છે.

ઝારખંડ-જમ્મુ કાશ્મીરમાં પાંચ તબક્કામાં ચૂંટણીનો અંતે નિર્ણય

નવી દિલ્હી,તા. ૨૬

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની પણ ચૂંટણી પંચે જાહેરાત કરી દેતા બન્ને રાજ્યોમાં રાજકીય ગરમી હવે વધી ગઇ છે. દિલ્હીમાં પણ ત્રણ બેઠકોની પેટાચૂટણી માટે કાર્યક્રમની જાહેરાત કરી દેવામાં આવી છે. દિલ્હીમાં મહેરોલી, તુગલકાબાદ અને કૃષ્ણાનગરમાં ચૂંટણી યોજાશે. ચૂંટણી પાંચ તબક્કામાં યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં ૨૫મી નવેમ્બરના દિવસે મતદાન થશે. જેમાં દિલ્હીની ત્રણ બેઠકોનો સમાવેશ થાય છે. બીજી તબક્કામાં બીજી ડિસેમ્બરના દિવસે મતદાન થશે. ત્રીજા તબક્કામાં નવમી, ચોથા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે મતદાન થશે. જ્યારે ૨૦મી ડિસેમ્બરના દિવસે પાંચમા અને અંતિમ તબક્કા માટે મતદાન યોજાશે. તમામ જગ્યાએ ૨૩મી ડિસેમ્બરના દિવસે મતગણતરી હાથ ધરવામાં આવનાર છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થતા જ આંચારસંહિતા અમલી બની ગઇ છે. ઝારખંડ અને જમ્મુ કાશ્મીર બન્ને

રાજ્યોમાં પાંચ તબક્કામાં મતદાન યોજાશે. પ્રથમ તબક્કામાં ઝારખંડમાં ૧૩, બીજા તબક્કામાં ૨૦, ત્રીજા તબક્કામાં ૧૭, ચોથા તબક્કામાં ૧૫ અને પાંચમા તબક્કામાં ૧૬ બેઠકો માટે મતદાન યોજાશે.

આવી જ રીતે જમ્મુ કાશ્મીરમાં પણ પ્રથમ તબક્કામાં ૧૫, બીજામાં ૧૮, ત્રીજામાં ૧૬, ચોથામાં ૧૮ અને પાંચમાં ૨૦ બેઠકો માટે મતદાન થશે. મુખ્ય ચૂંટણી કમીશનર વીએસ સંપતે શનિવારના દિવસે ચૂંટણી માટેની તારીખોની જાહેરાત કરી હતી. ઝારખંડમાં ૮૧ વિધાનસભા બેઠકો છે. જેમાં નવ અનુસુચિત જાતિ અને ૨૮ અનુસુચિત જનજાતિ માટેની છે. ૮૭ સીટ ધરાવનાર જમ્મુ કાશ્મીર વિધાનસભામાં સાત બેઠકો અનુસુચિત જાતિ માટે અનામત રાખવામાં આવી છે. ઝારખંડમાં વિધાનસભાની અવધિ ત્રીજી જાન્યુઆરીના દિવસે પૂર્ણ થઇ રહી છે. જ્યારે જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની અવધિ ૧૯મી જાન્યુઆરીના દિવસે પૂર્ણ થઇ રહી છે. એકબાજુ જમ્મુ કાશ્મીરમાં ૭૨ લાખ મતદારો નોંધાયા છે. તેમના માટે રાજ્યમાં ૧૦૦૧૫ મતદાન મથકો સ્થાપિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જ્યારે ઝારખંડમાં મતદારોની સંખ્યા બે કરોડ સાત લાખ છે. અહીં મતદારો ૨૪૬૪૮ મતદાન મથકો પર મતાધિકારનો ઉપયોગ કરી શકશે. બન્ને રાજ્યોમાં ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થયા બાદ રાજકીય પક્ષો તૈયારીમાં લાગી ગયા છે. પ્રથમ વખત જમ્મુ કાશ્મીરમાં ભાજપની વધતી તાકાતની ચર્ચા જોવા મળી રહી છે. કોંગ્રેસ, નેશનલ કોન્ફરન્સ, પીડીપી પણ જુદી જુદી રીતે મેદાનમાં છે. જેનો સીધો ફાયદો હવે ભાજપને થઇ શકે છે. ભાજપની નજર જમ્મુ અને લડાખની ૩૭ બેઠકો પર કેન્દ્રિત છે. જો કે ભાજપ આ વખતે મિશન ૪૪ સાથે આગળ વધવા મક્કમ છે. પોતાની સરકાર બનાવવા ભાજપના નેતાઓ લાગી ગયા છે. લોકસભાની ચૂંટણી દરમિયાન ભાજપે ઈતિહાસમાં તેનો સૌથી સારો દેખાવ કરીને છ બેઠકો પૈકી ત્રણમાં જીત મેળવી હતી. ૮૭ સીટ ધરાવનરા વિધાનસભામાં તેના ૧૧ સભ્યો છે. રાજ્યમાં છ વર્ષ સુધી નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસની સરકાર રહી હતી. હાલ નેશનલ કોન્ફરન્સની પાસે સૌથી વધારે ૨૮ બેઠકો છે. જ્યારે પીડીપીની પાસે ૨૧, કોંગ્રેસની પાસે ૧૭ બેઠકો છે. જ્યારે અન્યો પાસે ૧૦ બેઠકો છે. ભાજપ ૧૧ ધારસભ્યો ધરાવે છે.

મહારાષ્ટ્ર-હરિયાણામાં હાર બાદ કોંગ્રેસ સાવધાન

વધુ બે રાજ્યોમાં કોંગ્રેસની પ્રતિષ્ઠા દાવ ઉપર લાગી છે

નવી દિલ્હી,તા. ૨૬

નરેન્દ્ર મોદી મેજિકે હાલમાં જ હરિયાણા અને મહારાષ્ટ્રમાં હરિફ પક્ષોનો સફાયો કર્યા બાદ હવે આ બે રાજ્યોમાં ભાજપે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મોદીને રોકવા માટે એકબાજુ મહાગઠબંધનની તૈયારી ઝારખંડમાં ચાલી રહી છે. ઝારખંડમાં બિહારની જેમ જ મહાગઠબંધન બનાવવાની તૈયારી ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સાથે શરૂ થઇ ગઇ છે. બિહારની જેમ આરજેડી, જેડીયુ, કોંગ્રેસ અને જેએમએમ સાથે હોઇ શકે છે. જેથી આ ચૂંટણી આવા મહાગઠબંધનના ભાવિને પણ નક્કી કરશે. બિહારમાં મહાગઠબંધનને સફળતા પેટાચૂંટણીમાં મળી હતી. જેમાં ૧૦ પૈકી છ બેઠકો આ મહાગઠબંધનને મળી હતી. પરંતુ પ્રથમ ળકત સમગ્ર રાજ્યમાં આનો પ્રયોગ થનાર છે. જો આ પ્રયોગ ઝારખંડમાં સફળ રહેશે તો અન્ય રાજ્યોમાં પણ ભાજપને રોકવા માટે આવા પ્રયોગ કરવામાં આવનાર છે. પરંતુ જો મોદી મેજિક છવાશે તો તમામ વિરોધ પક્ષોમાં નિરાશાનુ મોજુ ફરી વળશે. હાલમાં જ બે રાજ્યો હરિયાણા અને મહારાષ્ટ્રમાં પણ સરકાર ગુમાવી દીધા બાદ એકપછી એક રાજ્યોંમાં સરકાર ગુમાવનાર કોંગ્રેસની પ્રતિષ્ઠા ફરી એકવાર દાવ પર લાગી ગઇ છે. ઝારખંડમાં હાલ કોંગ્રેસના સમર્થનથી સરકાર ચાલી રહી છે. જ્યારે જમ્મુ કાશ્મીરમાં થોડાક મહિના સુધી નેશનલ કોન્ફરન્સની સાથે સરકારમાં પણ કોંગ્રેસ પાર્ટી હતી. પહેલા લોકસભા અને હવે વિધાનસભાની ચૂટણીમાં કોંગ્રેસની જે રીતે હાર થઇ છે તે દર્શાવે છે કે તેની પ્રતિષ્ઠા દાવ પર છે. ઝારખંડમાં કોંગ્રસના સમર્થનથી જેએમએમ સરકાર છે. જ્યારે જમ્મુ કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સની સરકાર છે. ઝારખંડમાં ત્રણ સૌથી મહત્વપૂર્ણ મુદ્દા છે દજેમાં દરેક સ્તર પર ભ્રષ્ટાચાર, આદિવાસીઓના વિકાસ અને રોજગાર તેમજ માર્ગોનો સમાવેશ થાય છે. આવી જ રીતે જમ્મુ કાશ્મીરમાં ત્રણ મોટા મુદ્દા છે. જેમાં પુર અને રાહત, કલમ ૩૭૦ હેઠળ રાજ્યને ખાસ દરજ્જાને ખતમ કરવાની બાબત અને હિન્દુ અને કાશ્મીરી પંડિતોની દુર્દશાનો સમાવેશ થાય છે.

શ્રીલંકા સામેની વનડે મેચો માટેનો કાર્યક્રમ જાહેર થયો

મુંબઈ, તા.૨૬

ભારત અને શ્રીલંકા વચ્ચે રમાનારી પાંચ વનડે મેચોની શ્રેણીના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ કરોડો ભારતીય ક્રિકેટ ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ છે. આ શ્રેણીની શરૂઆતને લઈને ભારતીય ક્રિકેટરો પણ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ ટીમે પ્રવાસને અધવચ્ચે ટુંકાવી દેતા વિવાદ ઉભો થયો હતો.જેના લીધે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે તાત્કાલિકરીતે હવે શ્રીલંકાના પ્રવાસનુ આયોજન કર્યુંછે. વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ બોર્ડ સાથે નાણાને લઈને વિવાદ થયો હતો. બીસીસીઆઈ દ્વારા કાર્યક્રમની જાહેરાત કરી દેવામાં આવી છે. જે મુજબ પ્રવાસી શ્રીલંકાની ટીમ તેમના પ્રવાસની શરૂઆત મુંબઈમાં ક્રિકેટ ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે ૩૦મી ઓક્ટોબરના દિવસે ભારત એ સામે રમીને કરનાર છે. ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચ વનડે મેચોની શ્રેણી રમાશે.જે પૈકી પ્રથમ મેચ કટકમાં બીજી નવેમ્બરના દિવસે રમાશે. જ્યારે બીજી વનડે મેચ અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે રમાનારા છે. તમામ મેચોને લઈને ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ભારત અને શ્રીલંકા વચ્ચે પાચમી અને અંતિમ વન જડે મેચ રાંચી ખાતે ૧૬મી નવેમ્બરના દિવસે રમાશે. તમામ મેચો ડે નાઈટ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિન્ડીઝ ક્રિકેટરો અને બોર્ડ વચ્ચે નાણાંને લઈને વિવાદ થયો હતો. જેથી પ્રવાસ ટુંકાવી દેવામાં આવ્યો હતો. વિન્ડીઝ સામે જે મેચ બાકી રહી હતી તે મુજબ કટકમાં વિન્ડીઝ અને ભારત વચ્ચે એકમાત્ર ટ્વેન્ટી-૨૦ મેચ રમાનાર હતી. જ્યારે કોલકત્તામાં પાંચમી અને અંતિમ વનડે મેચ રમનાર હતી. વિન્ડીઝની ટીમ વનડે અને ટ્વેન્ટી બાદ ટેસ્ટ શ્રેણી પણ રમનાર હતી. જે પૈકી હૈદરાબાદ, બેંગલોર અને અમદાવાદમાં ક્રમશ પ્રથમ, બીજી અને ત્રીજી ટેસ્ટ મેચ રમાનાર હતી. જે પૈકી ટેસ્ટની જગ્યાએ હવે વન ડેમેચ રમાશે. ભારતીય બોર્ડે અતિ ઝડપથી આગળ વધીને પ્રવાસનુ આયોજન કર્યું હતુ. વિન્ડીઝે પ્રવાસ અધવચ્ચે છોડી દેવાનો નિર્ણય કર્યા બાદ તરત જ શ્રીલંકન બોર્ડનો સંપર્ક કરવામાં આવીને પ્રવાસનુ આયોજન કરવામાં આવ્યું છે. હવે આ વન ડે શ્રેણી પણ રોમાંચક બને તેવી શક્યતા દેખાઈ રહી છે.

અરુણ જેટલીના નેતૃત્વમાં મળેલી બેઠકમાં નિર્ણય

૮૦૦૦૦ કરોડના ડિફેન્સ પ્રોજેક્ટોને અંતે લીલીઝંડી

નવીદિલ્હી, તા.૨૬

નરેન્દ્ર મોદી સરકારે ૮૦૦૦૦ કરોડની કિંમતના ડિફેન્સ પ્રોજેક્ટોને

આખરે લીલીઝંડી આપી દીધી છે. આની સાથે જ ભારતની લશ્કરી તાકાતમાં અનેકગણો વધારો થયો છે. ડિફેન્સ એક્વિજિશન કાઉન્સિલની પ્રથમ બે બેઠકોમાં ૪૦૦૦૦ કરોડની દરખાસ્તાને મંજુરી આપવામાં આવ્યા બાદ ત્રીજી બેઠકમાં ૮૦૦૦૦ કરોડની કિંમતના કુલ પ્રોજેક્ટને મંજુરી આપવામાં આવી હતી. મોદી સરકાર સંરક્ષણ ક્ષેત્રમાં કોઇ બાંધછોડ કરવા માંગતી નથી. સંરક્ષણમંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં ડીએસીની આ બેઠક યોજાઈ હતી જેમાં લાંબા ગાળાના પ્રોજેક્ટોને મંજુરી આપવામાં આવી હતી જેમાં ભારતમાં વિદેશી સહકારની સાથે છ નવા સ્ટીલ્થ સબમરીનના નિર્માણના ૫૦૦૦૦ કરોડના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ માટેની સમજૂતિને પણ મંજુરી આપવામાં આવી હતી. સ્પેશિલ કવર્ટ ઓપરેશન માટે મિડસબમરીન, ડોર્નિયર વિમાન, રશિયન ઉરન મિસાઈલના પ્રોજેક્ટને પણ મંજુરી આપવામાં આવી હતી. અરુણ જેટલીએ માહિતી આપતા કહ્યું હતું કે, સરકાર માટે રાષ્ટ્રીય સુરક્ષા સૌથી સર્વોચ્ચ છે. પ્રાપ્તિ પ્રક્રિયા આડે કોઈપણ અડચણ આવશે નહીં. અતિઆધુનિક બનવાની દિશામાં આગેકૂચ જારી રહેશે. છ નવા સબમરીન માટેનો પ્રોજેક્ટ પણ આગળ વધારવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટને મંજુરી આપવામાં આવ્યા બાદ સંરક્ષણ ક્ષેત્રે ભારતની તાકાતમાં અનેકગણો વધારો થવાના એંધાણ દેખાઈ રહ્યા છે. વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ભારત પણ ઝડપથી આગળ વધવા ઈચ્છુક છે. પાકિસ્તાન અને ચીન વૈશ્વિક સ્તરે તેમની ગતિવિધિ આગળ વધારી રહ્યા છે ત્યારે ભારત પણ પાછળ રહેવા ઈચ્છુક નથી. આજકારણસર નવી હિલચાલ શરૂ થઈ ચુકી છે.

ટોપ ૮ કંપનીઓની મૂડીમાં ૩૨,૮૨૫ કરોડનો વધારો

નવી દિલ્હી,તા. ૨૬

શેરબાજારમાં છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન ટોપની ૮ કંપનીઓની માર્કેટ મુડીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. તેમની માર્કેટમૂડીમાં સંયુક્તરીતે ૩૨૮૨૫ કરોડનો વધારો થયો છે. આઈસીઆઈસીઆઈ બેંક અને ઓએનજીસીની માર્કેટમૂડીમાં સૌથી વધુ વધારો થયો છે. ઈન્ફોસિસ અને આઈટીસી સિવાય સેંસેક્સની તમામ ૧૦ ટોચની પૈકી આઠ કંપનીઓની માર્કેટમૂડીમાં વધારો થયો છે. આઈસીઆઈસીઆઈ બેંકની માર્કેટ મૂડીમાં સૌથી વધુ ૮૧૮૨.૫ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મૂડી વધીને ૧૮૨૪૩૪.૨૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. ટીસીએસ માર્કેટ મૂડીની દ્રષ્ટિએ પ્રથમ ક્રમાંક ઉપર યથાવત છે. તેની માર્કેટ મૂડી નવી રેકોર્ડ ઉંચી સપાટી ઉપર પહોંચી રહી છે. તેની માર્કેટમૂડી પાંચ લાખ કરોડની દિશામાં આગળ વધી રહી છે. ટીસીએસ બાદ માર્કેટમૂડીની દ્રષ્ટિએ ઓએનજીસી બીજા, આરઆઈએલ ત્રીજા અને આઈટીસી ચોથા ક્રમાંક ઉપર છે. બેંચમાર્ક એસ એન્ડ પી સેંસેક્સ ૨૬૮૫૧ની સપાટીએ રહ્યો હતો. તેમાં છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન ૭૪૨.૫૨ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. શેરબજારમાં છેલ્લા ઘણા દિવસથી ઉથલપાથલનો દોર જારી રહ્યો છે. જેના લીધે માર્કેટ કંપનીઓની મૂડીમાં ઘટાડો અને વધારો થતો રહ્યો છે. જો કે, ટીસીએસે છેલ્લા કેટલાક મહિનાથી માર્કેટ મૂડીની દ્રષ્ટિએ પોતાની સ્થિતિ ખુબ જ મજબૂત રાખી છે. છેલ્લા સપ્તાહ દરમિયાન ઓએનજીસીની માર્કેટ મૂડીમાં ૫૩૪૭.૧૮ કરોડનો વધારો થયો હતો જેથી તેની માર્કેટ મૂડી વધીને ૩૪૫૨૧૪.૦૩ કરોડ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે આરઆઈએલની માર્કેટ મૂડી ૪૭૮૭.૨૧ કરોડ સુધી વધીને ૩૦૮૨૪૧.૪૮ કરોડ થઈ ગઈ છે. ટીસીએસની માર્કેટમૂડીમાં છેલ્લા સપ્તાહ દરમિયાન ૪૦૧૫.૪ કરોડનો વધારો થયો હતો જેથી તેની માર્કેટ મૂડી ૪૮૨૯૦૪.૮૦ કરોડ થઈ ગઈ છે. બીજી બાજુ જે બે કંપનીઓની માર્કેટમૂડીમાં ઘટાડો થયો છે તેમાં ઈન્ફોસિસમાં ૨૭૫૯.૨ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની મૂડી ઘટીને ૨૧૮૫૪૨.૮૦ કરોડ થઈ છે. આઈટીસીની માર્કેટમૂડીમાં ૨૪૮૫.૪૪ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મૂડી ઘટીને ૨૭૯૭૨૩.૪૫ કરોડ થઈ ગઈ છે.